# આસપાસ ચોપાસ

## જલુંધમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા માટે શાળાની સ્થાપના સને ૧૮૯૨ની સાલમાં કરવામાં આવી હતી




**શાળામાં વિવિધ હરિફાઈઓ સાથે દરેક રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે**

સને ૧૮૯૨ની સાલમાં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન પ્રાથમિક શાળા જલુંધની સ્થાપના થયેલી છે. શરૂઆતમાં બાળવર્ગ તથા ધોરણ 1 થી 4 ધરાવતી આ શાળા ક્રમશ: ધોરણ 1 થી 7 ધરાવતી શાળા બની હતી. શરૂઆતમાં શાળાના મકાનના અભાવે ગામની ભાગોળમાં આવેલી ધર્મશાળામાં બાળકોને ધોરણ 1થી4નું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતુ.ત્યારબાદ સને 1918થી ધોરણ 7 સુધીનું પ્રાથમિક શિક્ષણ બાળકોને મળતું થયું છે. શરૂઆતથી જ આ શાળા શિક્ષણ પ્રત્યે ઉત્તમ ગણાતી અને હાલમાં પણ પે સેન્ટરની શાળાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ધોરણ 1 માં પ્રજ્ઞા વર્ગનું આયોજન કરવામાં આવેલ છે.શાળામાં અત્યારે પ્રવેશોત્સવ, ગરબા હરિફાઈ, રમતગમત જેવી વિવિધ હરિફાઈઓથી ધમધમતી આ શાળા દર વર્ષે પ્રગતિનાં નવાં સોપાનો સર કરેલ છે. શાળાનું મકાન જર્જરીત થતાં સરકાર દ્વારા નવા ઓરડાનું નિર્માણ કરવામાં આવેલ છે. હાલ ધોરણ બે માળની શાળા બનાવવા માટે બાંધકામ કરવામાં આવ્યું છે. સરકારી યોજના હેઠળ ઓરડાનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલ શાળા કમ્પ્યુટરલેબ, બાયસેગની સુવિધા ધરાવે છે. અનેક સુવિધાઓથી ભરપુર આ શાળા હાલમાં પ્રગતિના પંથે છે. શાળામાં વિવિધ હરિફાઈઓ સાથે દરેક રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવે છે. બાળકો ખૂબ શિસ્તમય શિક્ષણ મેળવે છે. શિક્ષકો પણ ઘણા ઉત્સાહી અને ખંતીલા છે. શાળામાં ગામના નાગરિકોનો ખૂબ જ સાથ સહકાર મળી રહે છે.

## 61 વર્ષથી કાર્યરત શ્રીમતી બી.સી.જે. હાઈસ્કૂલમાંથી અનેક વિદ્યાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી છે



ખંભાત તાલુકાના જલુંધ ગામમાં આવેલી શ્રીમતી બી.સી.જે. હાઈસ્કૂલ વિસ્તારની એક પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થા તરીકે ઓળખાય છે. તા. ૩ માર્ચ, ૧૯૬૫ના રોજ સ્થાપિત થયેલી આ સંસ્થા છેલ્લા ૬ દાયકાઓથી ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાસભર શિક્ષણની પરંપરા જાળવી રહી છે. તાલુકા મુખ્ય મથકથી અંદાજે ૧૦ કિલોમીટરના અંતરે આવેલી આ શાળામાં ધોરણ ૯થી ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં શાળામાં કુલ ૫૫૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાં ૨૧૮ કુમાર અને ૩૩૬ કન્યાઓનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ૧૧ શિક્ષકો સમર્પિત ભાવનાથી શૈક્ષણિક કામગીરી બજાવી રહ્યા છે. શિક્ષણની સાથે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિજ્ઞાન, પર્યાવરણ જાગૃતિ તેમજ મૂલ્યલક્ષી શિક્ષણ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જવામાં શ્રીમતી બી.સી.જે. હાઈસ્કૂલ સતત મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. શિક્ષણ, શિસ્ત અને સંસ્કારના ત્રિવેણી સંગમરૂપ આ સંસ્થા આજે પણ સમગ્ર પંથકમાં વિશ્વાસ અને ગૌરવનું પ્રતિક બની રહી છે. જલુંધના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામમાંથી અનેક યુવાનો શિક્ષણ પૂર્ણ કરી આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, આ ઉપરાંત ગામના લોકો પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં પણ મહત્વપૂર્ણ ફરજ બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ ગામના યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે. ખાનગી ક્ષેત્રમાં પણ જલુંધના યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, બસ ડ્રાઈવર અને હેલ્પર તરીકે પોતાની કારકિર્દી સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. જલુંધ ગામના વતનીઓએ શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે. ગામમાંથી શિક્ષકો, તબીબો, ઈજનેરો, પ્રોફેસરો અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ઉભા થતાં જલુંધ સમગ્ર પંથક માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે.

## જનહીતના આગોતરા આયોજન અને પ્રતિનિધિઓની જવાબદારીથી જલુંધ ગામ વિકાસ માર્ગે ધપી રહ્યું છે



સરપંચ
શીતલબેન સોલંકી



ઉપસરપંચ
કાંતિભાઈ સોલંકી

જલુંધ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન સાથે સક્રિય રીતે જવાબદારી સંભાળી રહ્યા હોવાથી ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થતી રહી છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામના સર્વાંગી વિકાસ માટે સરકારી યોજનાઓનો પૂરતો લાભ લેવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતા અને આયોજનશક્તિના કારણે ગામમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ, તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક પાથરવાની કામગીરી કરવામાં આવી છે, જેના કારણે આવન-જાવન સરળ બન્યું છે. ગામમાં વોટર વર્ક્સ વ્યવસ્થા કાર્યરત હોવાથી પીવાના પાણીની સગવડ ઉપલબ્ધ છે. ગામના અગ્રણીઓ અને લોકપ્રતિનિધિઓની દિર્ઘદૃષ્ટિ અને એકતાના કારણે જલુંધ ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આ રીતે આગોતરા આયોજન, લોકપ્રતિનિધિઓની જવાબદારી અને ગ્રામજનોના સહકારથી જલુંધ ગામ વિકાસનું સુંદર ઉદાહરણ બની રહ્યું છે.



### વર્તમાન સરપંચ ટીમ

શીતલબેન કાંતિભાઈ સોલંકી સરપંચ, કાંતિભાઈ મંગળભાઈ સોલંકી ઉપસરપંચ, સભ્યો : ગીતાબેન મફતભાઈ પટેલ, શનાભાઈ ઉદેસંગ ગોહેલ, જીગ્નેશભાઈ અંબાલાલ સોલંકી, કનુભાઈ હીરાભાઈ સોલંકી, જ્યોત્સનાબેન નવીનભાઈ પઢીયાર, બુધાભાઈ છોટાભાઈ પરમાર, રંજનબેન ચેતનભાઈ ઠાકોર, સરોજબેન બુધાભાઈ વાઘરી, પારૂલબેન ઘનશ્યામભાઈ સોલંકી

### પૂર્વ સરપંચ

રામભાઈ કાશીભાઈ પટેલ, સોમાભાઈ કાશીભાઈ પટેલ, રામભાઈ કાશીભાઈ પટેલ, રસીકભાઈ ગાંડાભાઈ પટેલ, શાન્તાબેન ડાહ્યાભાઈ સોલંકી, ઉષાબેન અરવિંદભાઈ પટેલ, ભાઈલાલભાઈ ઉમેદભાઈ પટેલ, ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ, વિનુભાઈ મોહનભાઈ પટેલ, વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ, વિનુભાઈ મોહનભાઈ પટેલ, બકુલાબેન વિષ્ણુભાઈ પટેલ, મંજુલાબેન રતીલાલ સોલંકી, શનાભાઈ ઉદેસંગ ગોહેલ, ચંપાબેન શનાભાઈ ગોહેલ.

## દૂધ ઉત્પાદક મંડળી જલુંધ પશુપાલકો માટે છેલ્લા ૬ દાયકાથી આર્થિક સમૃદ્ધિનો મુખ્ય આધાર છે

જલુંધ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે, પરંતુ ખેતીની સાથે સાથે પશુપાલનને પણ મહત્વપૂર્ણ પૂરક વ્યવસાય તરીકે અપનાવવામાં આવ્યો છે. ગાય અને ભેંસ જેવા દુધાળા પ્રાણીઓનું પાલન કરીને કમાણી માટે દૂધ ઉત્પાદન કરવામાં આવે છે. ઘણા બધા પરિવારો ગાય-ભેંસનો ઉછેર પાલન પોષણ કરે છે. નિયમિત સંભાળ અને મહેનતના પરિણામે ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન થાય છે. આ દૂધ ગામલોકો સહકારી ભાવનાથી એકત્ર થઈ સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં દૂધ જમા કરાવે છે. ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના તમામ પશુપાલકો માટે વિશ્વાસપાત્ર સંસ્થા બની છે. અહીં સવાર અને સાંજ એમ બે વખત દૂધ એકત્ર કરવામાં આવે છે. એકત્ર થયેલું દૂધ પછી જિલ્લાની પ્રખ્યાત અમૂલ ડેરીમાં જમા કરાવવામાં આવે છે. આ વ્યવસ્થાથી પશુપાલકોને યોગ્ય ભાવ મળે છે. જેથી નિયમિત આવક મેળવી રહ્યા છે. પશુપાલન દ્વારા મળતી આવકથી ગામલોકો પોતાનો જીવનનિર્વાહ સરળતાથી કરી શકે છે. સાથે સાથે લગ્ન, તહેવાર, ધાર્મિક કાર્યક્રમો જેવા સામાજિક પ્રસંગો પણ આ આવકના આધાર પર સુચારૂ રીતે સંપન્ન થાય છે. જલુંધ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના આર્થિક સ્થિરતાનું મહત્વનું સાધન બની છે. સહકારી દૂધ ઉત્પાદક મંડળી માત્ર દૂધ એકત્ર કરવાની જગ્યા નથી, પરંતુ ગામની એકતા, સહકાર અને આત્મનિર્ભરતાનું પ્રતીક પણ છે. ગામની સહકારી દૂધ મંડળી ગામલોકોના જીવનમાં આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે.



## આસ્થા, એકતા અને આધ્યાત્મિકતાનું અનોખું ધામ જલુંધ ગામની ધાર્મિક પરંપરા આજે પણ અવિરત



જોગણી માતા મંદિર

ખંભાત તાલુકાનું જલુંધ ગામ આસ્થા, આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને સામાજિક સમરસતાનું જીવંત પ્રતિક માનવામાં આવે છે. અઢારે વર્ણની વસ્તી ધરાવતું આ ગામ વર્ષોથી ધાર્મિક ભાવના, પરસ્પર પ્રેમ અને સહઅસ્તિત્વની પરંપરા જાળવી રાખી રહ્યું છે. અહીં વિવિધ સમાજ અને સંપ્રદાયના લોકો વસવાટ કરે છે, છતાં નાત-જાત કે વર્ણના કોઈપણ ભેદભાવ વગર સમગ્ર ગામ એક પરિવારની જેમ દરેક ધાર્મિક પ્રસંગોમાં સહભાગી બને છે. આ જ વિશેષતા જલુંધને સમગ્ર પંથકમાં આગવી ઓળખ અપાવે છે.

ગામમાં આવેલા અનેક પ્રાચીન મંદિરો અને દેવસ્થાનો આજે પણ ગ્રામજનોની અતૂટ શ્રદ્ધાના કેન્દ્ર છે. ગામ ટોળાની જોગણી માતાનું મંદિર, વેરાઈ માતાજીનું મંદિર, રાધાકૃષ્ણ મંદિર, નીલકંઠ મહાદેવ, બળીયાદેવ, તેમજ બાપજી મહારાજનું સ્થાનક વર્ષોથી ધાર્મિક આસ્થાનું પ્રતિક બની રહ્યા છે. અહીં નિયમિત રીતે પૂજા-અર્ચના, ભજન-કીર્તન, સત્સંગ અને ધાર્મિક કાર્યક્રમો યોજાતા રહે છે. વર્ષ દરમિયાન આવતાં વિવિધ હિંદુ તહેવારો, ધાર્મિક પર્વો અને ઉત્સવોમાં સમગ્ર ગામ ઉમંગ અને ભક્તિભાવ સાથે જોડાય છે. મંદિર પરિસરોમાં ભક્તિમય વાતાવરણ સર્જાતું હોય છે, જે ગામની આધ્યાત્મિક ઓળખને વધુ મજબૂત બનાવે છે.



બળીયાદેવ મંદિર



ઓરની મેલડી માતા


જલુંધ ગામની ધાર્મિક ઓળખમાં સૌથી વિશેષ સ્થાન સાક્ષાત દેવી સ્વરૂપ ઓરના ઝંડાની મેલડી માતાજીનું છે. સમગ્ર પંથકમાં આ સ્થાન અત્યંત ચમત્કારિક અને શ્રદ્ધાનું કેન્દ્ર માનવામાં આવે છે. ગ્રામજનો માતાજીને પોતાની કુલદેવી અને રક્ષક શક્તિ તરીકે પૂજે છે. ખાસ કરીને દર રવિવારે ગામ ઉપરાંત આસપાસના વિસ્તારો અને અન્ય ગામોમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવે છે. અનેક લોકો પોતાની માનતા પૂર્ણ કરવા માતાજીના ચરણોમાં માથું ટેકવે છે અને પ્રસાદ અર્પણ કરે છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ માતાજી પ્રત્યેની શ્રદ્ધા માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. દેશ-વિદેશમાં વસતા જલુંધ ગામના વતનીઓ તેમજ અન્ય ભાવિકો પણ માતાજી પ્રત્યે અતૂટ આસ્થા ધરાવે છે. તેઓ સમયાંતરે મંદિરના વિકાસ, ધાર્મિક કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે દાન-ફાળો મોકલી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. આજે પણ લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે ઓરના ઝંડાની મેલડી માતા ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે છે અને સંકટ સમયે રક્ષણ આપે છે.



તોતર માતા મંદિર

જલુંધ ગામની નવરાત્રિ સમગ્ર ખંભાત તાલુકામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર ગણાય છે. લોકમાન્યતા છે કે તાલુકામાં સૌથી ઉત્સાહભેર અને ભવ્ય રીતે ઉજવાતી નવરાત્રિઓમાં જલુંધ ગામનું સ્થાન અગ્રણી છે. નવ દિવસ સુધી ગામમાં માતાજીની આરાધના, આરતી, ગરબા અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે. સમગ્ર ગામ રંગબેરંગી રોશની અને ભક્તિમય વાતાવરણથી ઝળહળી ઊઠે છે. નવરાત્રિના દિવસોમાં ગામ બહારથી તેમજ અન્ય જિલ્લાઓમાંથી હજારો લોકો અહીં ગરબા નિહાળવા અને માતાજીના દર્શન કરવા આવે છે. ગામના યુવાનો, મહિલાઓ અને વડીલો સૌ મળીને આયોજનને સફળ બનાવે છે. ભક્તિ અને લોકસંસ્કૃતિનો આ સંગમ જલુંધ ગામની આગવી ઓળખ બની ગયો છે. જલુંધ ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં દરેક સંપ્રદાયના લોકો પોતાના ઇષ્ટદેવની નિયમિત આરાધના કરે છે અને સાથે સાથે અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં પણ સહભાગી બને છે. આ પરસ્પર સન્માન, ધાર્મિક સહિષ્ણુતા અને સામાજિક સમરસતા ગામને એક અનોખી ઓળખ આપે છે. આસ્થા, સંસ્કૃતિ અને માનવ એકતાના મૂલ્યોને પેઢી દર પેઢી જીવંત રાખતું જલુંધ ગામ આજે પણ સમગ્ર પંથક માટે પ્રેરણારૂપ બન્યું છે. અહીંની ધાર્મિક પરંપરાઓ, લોકઆસ્થાના કેન્દ્રો અને સામૂહિક ભક્તિભાવ ગામના ગૌરવને સતત ઉજાગર કરી રહ્યા છે.



રામનાથ મહાદેવ મંદિર




શ્રી રામજી મંદિર

(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)